બનાસકાંઠા જિલ્લાનું સરદાર કૃષિ યુનિવર્સીટી પોલીસ સ્ટેશન રદ કરીને તેના મહેકમને ભીલડી પોલીસ સ્ટેશન ખાતે ફાળવવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૩/૩૬૪૨/સ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૭/૨૦૧૬

વંચાણે લીધા:-

૧. ગૃહ વિભાગનો તા.૦૪/૦૩/૧૯૯૭ નો ઠરાવ ક્રમાંક:પસથ/૧૩૯૬/મંત્રી-૫/વ
૨. ગૃહ વિભાગનો તા.૨૮/૧૧/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૨/૩૪૮૯/સ
૩. ગૃહ વિભાગનો તા.૧૬/૧૦/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૧૩/૩૬૪૨/સ
૪. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીનો તા.૨૦/૦૩/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/મહેકમ તબદીલ/૭૭૬/૨૦૧૫

ઠરાવ:-

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને સંગીન બનાવવા પંચવર્ષીય યોજના મુજબ દર વર્ષે રાજ્યમાં શહેર/ટાઉન/ગ્રામ્ય કક્ષાએ પોલીસ સ્ટેશન શરૂ કરવા માટે મંજુરી આપવામાં આવે છે. આમુખના સંદર્ભ ક્રમાંક(૧)માં દર્શાવેલ ઠરાવથી બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભિલડી ખાતે જીરો બજેટથી ડીસા તાલુકાના ભિલડી ખાતે પોલીસ સ્ટેશન શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ. ભિલડી ખાતે મંજુર કરવામાં આવેલ ઉક્ત પોલીસ સ્ટેશન આંતરીક વ્યવસ્થાથી શરૂ કરવાની મંજુરી આપવામાં આવતા ભિલડી પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવેલ.

આમુખના સંદર્ભ (૩)થી બનાસકાંઠા જિલ્લા ખાતે સરદાર કૃષિ યુનિવર્સીટી આઉટ પોસ્ટને અપગ્રેડ કરી પોલીસ ઇન્સ્પેક્ટર કક્ષાનું નવુ સરદાર કૃષિ યુનિવર્સીટી પોલીસ સ્ટેશન મંજુર કરવામાં આવેલ છે.

આમુખના સંદર્ભ(૪)થી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૨૦/૦૩/૨૦૧૫ના પત્રથી થી બનાસકાંઠા જિલ્લાનું સરદાર કૃષિ યુનિવર્સીટી પોલીસ સ્ટેશન રદ કરી તેના માટે ફાળવવામાં આવેલ મહેકમને ડીસા તાલુકાના ભિલડી ખાતે ફાળવવા માટે વિનંતી કરવામાં આવેલ.

ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના સરદાર કૃષિ યુનિવર્સીટી પોલીસ સ્ટેશન રદ કરીને તેના માટે મંજુર કરવામાં આવેલ નીચે મુજબના મહેકમને ડીસા તાલુકાના ભિલડી ખાતે તબદીલ કરવાની મંજુરી આપવામાં આવે છે.

| અ.નં | જીલ્લા/શહેર નું નામ | નવા પોલીસ સ્ટેશનોની વિગતો | U.P.I | U.P.S.I | U.A.S.I | U.H.C | U.P.C | A.A.S.I | A.H.C | A.P.C | Driver | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | બનાસકાંઠા | સરદાર કૃષિ યુનિવર્સીટી આઉટ પોસ્ટને અપગ્રેડ કરીનવુ સરદાર કૃષિ યુનિવર્સીટી પોલીસ સ્ટેશન | ૦ | ૧ | ૪ | ૧૬ | ૨૮ | ૧ | ૫ | ૧૧ | ૨ | ૬૭ |

ભિલડી ખાતે શરૂ કરવામાં આવેલ પોલીસ સ્ટેશન માટે આંતરીક વ્યવસ્થાથી ફાળવવામાં આવેલ મહેકમને જે તે જગ્યાએ પરત ફાળવણી કરવાની રહેશે.

૪/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૩૧/૦૫/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગુંજન વ્હોરા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત કોર્પોરેશન, ગુજરાત રાજ્ય ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી (ક ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા તેઓના તા.૩૦/૦૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક:૧૦૦/વહટ-૧/અપગ્રેડ/નવીન પો.સ્ટે/૧૫ અન્વયે જરૂરી કાર્યવાહી હથ ધરવા સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
- નાણાસલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ/ઝ-૧ શાખા , સચિવાલય, ગાંધીનગર
- રોકડાન અધિકારીશ્રી, બજેટ શાખા/બ શાખા/વ શાખા/લ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ